# દેશના કુલ સોલાર રૂફટોપ પ્લાન્ટના ૬૪ ટકા બે તૃતીયાંશ પ્લાન્ટસ એકલા ગુજરાતમાં

## ૨ માર્ચ-૨૦૨૦ સુધીમાં દેશમાં ૭૯૯૫૦ સોલાર રૂફટોપ - ગુજરાતમાં ૫૦૯૧૫ : ''સૂર્ય ગુજરાત'' સોલાર રૂફટોપ યોજના અન્વયે રાજ્યમાં ૨૦૨૨ સુધીમાં ૮ લાખ રહેણાંક હેતુના વીજગ્રાહકો આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સમગ્ર દેશમાં સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવામાં પ્રથમ ક્રમે રહ્યું છે. ૨ માર્ચ-૨૦૨૦ સુધીમાં રાજ્યમાં ૫૦૯૧૫ ઘરવપરાશની સોલાર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવી છે અને ૧૭૭.૬૭ મેગા વોટ કેપેસિટીના સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત થયા છે.

સંસદમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન કેન્દ્ર સરકારના નવિન અને નવીનીકરણ ઊર્જા મંત્રી આર. કે. સિંઘે આ અંગેની વિગતો આપી હતી.

તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં સોલાર રૂફટોપ યોજના અન્વયે જે ગૃહ વપરાશકારોને આ સિસ્ટમનો સબસિડી લાભ આપવામાં આવ્યો છે તેમાં ૬૪ ટકા એટલે કે બે તૃતીયાંશ હિસ્સો એકલા ગુજરાતનો છે.

દેશભરમાં સોલાર રૂફટોપ માટે ૭૯૯૫૦ ગૃહ વપરાશકારોએ આ સમયગાળા દરમ્યાન કુલ ૩૨૨ મેગાવોટ ક્ષમતાના સોલાર રૂફટોપ પ્લાન્ટ કેન્દ્રીય નાણાંકીય સહાય મેળવીને સ્થાપિત કર્યા છે એમ પણ મંત્રીએ જણાવ્યું હતું. ગુજરાત પછીના ક્રમે ૫૫૩૧ સોલાર રૂફટોપ સિસ્ટમ મહારાષ્ટ્ર રાજ્યમાં છે.

અત્રે એ નિર્દેશ કરવો આવશ્યક છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર સોલાર એનર્જી-સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન અને વપરાશથી ગુજરાતને ક્લીન ગ્રીન એનર્જીનું હબ બનાવવા પ્રતિબદ્ધ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં પ્રદૂષણ રહિત સ્વચ્છ ઊર્જાના વધુને વધુ ઉપયોગ માટેના સંકલ્પ સાથે દેશમાં ૨૦૨૨ સુધીમાં ૧ લાખ ૭૫ હજાર મેગાવોટ સૌર ઊર્જા ઉત્પાદનનું લક્ષ્ય રાખ્યું છે.

વડાપ્રધાનના આ સંકલ્પને પાર પાડવા ગુજરાત લીડ લેવા સજ્જ છે.

રાજ્યમાં ઘરવપરાશ માટે પણ લોકો સૂર્ય ઊર્જાનો વિનિયોગ કરતા થાય તે માટે મુખ્યમંત્રીએ ''સૂર્ય ગુજરાત'' સોલાર રૂફટોપ યોજના જાહેર કરીને ૨૦૨૨ સુધીમાં ૮ લાખ રહેણાંક હેતુના વીજગ્રાહકોને આ યોજના અંતર્ગત આવરી લેવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

આ યોજનાની સબસિડી રકમમાં પણ વધારો કરીને ૩ કિલોવોટ સુધી નિયત કિંમતના ૪૦ ટકા તથા ૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી ૨૦ ટકા સબસિડી સરકાર આપે છે.

આ હેતુસર રાજ્યના ૨૦૨૦-૨૧ના તાજેતરના બજેટમાં પણ ૯૧૨ કરોડ રૂપિયાની જોગવાઈ રાજ્ય સરકારે કરી છે.

આવી સોલાર રૂફટોપ સિસ્ટમથી ઉત્પન્ન થયેલી અને ગૃહ વપરાશ ઉપયોગ પછીની વધારાની વીજળીની જે તે વીજ વિતરણ કંપની રૂ. ૨.૨૫ પ્રતિ યુનિટના ભાવે ખરીદી પણ કરે છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ અને અન્ય વીજ વિતરણ કંપનીઓની સક્રિયતાને પરિણામે ''સૂર્ય ગુજરાત'' યોજના હેઠળ સોલાર રૂફટોપ માટે ૧.૧૮ લાખથી વધુ અરજીઓ ઓનલાઈન પોર્ટલ પર નોંધાઈ છે.



## હોળીના પર્વે કલોલમાં ૧૨૦૦ કિલો પ્રાણઘાતક ચાઈનીઝ દોરીની હોળી કરી

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગરના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી કલોલ સ્થિત પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટે કરુણા અભિયાન ૨૦૨૦ ના અનુસંધાનમાં ૧૨૦૦ કિલો દોરીનો વેસ્ટેજ જથ્થો ભેગો કરી તેનો નાશ કર્યો હતો. પર્યાવરણ સંસ્થા ગ્રીનપ્લેનેટ દર વર્ષની જેમ આ વર્ષે પણ કરુણા અભિયાનની જવાબદારીઓ ઉપાડી લઈને સમગ્ર કલોલ તાલુકામાંથી પ્રાથમિક શાળાઓના સહયોગથી ૧૨૦૦ કિલો કરતાં પણ વધારે દોરીનો જથ્થો ભેગો કરવામાં આવ્યો હતો.

મણિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, શ્રી શાંતિપ્રિયદાસજી સ્વામી, શ્રી ગુરુપ્રિયદાસજી સ્વામી, કલોલ નગરપાલિકાના ઉત્સાહી યુવા પ્રમુખ શ્રી લવ બારોટ, ગ્રીન પ્લેનેટના શ્રી અહેમદ પઠાણ વગેરે મહાનુભાવો, પ્રહલાદ નર્સરીના માલિક શ્રી પ્રહલાદભાઈ ઠાકોર, કાર્યકરો તથા કલોલ તાલુકાની ૨૦૦ કરતાં વધારે શાળાઓના શિક્ષકો - પર્યાવરણ પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહંત સ્વામી તથા કલોલ નગરપાલિકાના યુવા પ્રમુખશ્રી, અહેમદ પઠાણ, કલોલ તાલુકાનાં શિક્ષકોની હાજરીમાં પ્રાણઘાતક ચાઈનીઝ દોરીનો ૧૨૦૦ કિલો જથ્થાને બાળીને નાશ કરવામાં આવ્યો હતો.

# મહિલઓને પુરતી તક મળે તે જરૂરી : નાયબ મુખ્યમંત્રી

આપણા ધર્મોમાં પણ મહિલાઓને ઉચ્ચ અને પૂજનીય સ્થાન આફવામાં આવ્યું છે. ઈશ્વરે સ્ત્રી અને પુરૂષને જન્મ આપી પૃથ્વીના સંતાન તરીકે સરખા બનાવ્યા છે તેથી બંનેનું નિર્માણ સરખી દ્રષ્ટિથી થવુ જોઈએ. જો કે, સ્ત્રી-પુરૂષ વ્ચે ભેદની પરિસ્થિતિ જન્મી છે ત્યારે સ્વાભાવિક રીતે જ મહિલાઓની વધુ કાળજી લેવાય અને તેમને સન્માન મળે, તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. ગુજરાત રાજયનું સહકારી માળખુ દેશમાં આગળ પડતું સ્થાન ધરાવે છે ત્યારે રાજય, જિલ્લા, ગામડા અને વ્યકિતના વિકાસમાં સહકારી મંડળીઓનું મહત્વપૂર્ણ યોગદાન છે ત્યારે મહિલાઓ પણ આ ક્ષેત્રમાં વધુ સક્રિય બને તે જરૂરી છે, જેનાથી તેમનો વિકાસ અને આંતરિક ક્ષમતાઓ નીખારશે. આજે સમાજમાં મહિલાઓ પુરૂષ સમોવડી બનીને ઉભી રહી છે ત્યારે જરૂર છે માત્ર તેઓને એક તક પૂરી પાડવાની એમ રાજયના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે યોજાયેલા રાજયકક્ષાના મહિલા સહકારી સેમીનારમાં જણાવ્યું હતું. રાજયકક્ષાના આ મહિલા સહકારી સેમીનારમાં રાજયભરમાં ૭૦૦થી વધુ મહિલાઓએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.




ઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવનસાથી પસંદગી કાર્યક્રમનું આયોજન સે-૧૨ ઉમિયામાતાના મંદિરે યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદે ડે. મેયર નાજાભાઈ ઘાંઘલ ઉપસ્થિત રહ્યા હતા અને સૌ લગ્નવાંચ્છુઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગિફ્ટ સિટી ઈન્ટરનેશનલ બુલિયન ટ્રેડિંગ માટે એક્સચેન્જ સ્થાપિત કરવા સજ્જ

ગિફ્ટ આઈએફએસસીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ સ્થાપિત કરવા માટે યુનિયન બજેટ ૨૦૨૦-૨૧માં જાહેરાત થયા પછી ગુજરાત ઈન્ટરનેશનલ ફિન-ટેક સિટી (ગિફ્ટ સિટી)માં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની સ્ટીઅરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી. એમાં અન્ય બાબતોની સાથે એજન્ડામાં મુખ્ય મુદ્દાઓ પૈકીનો એક મુદ્દા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ માટે વિસ્તૃત પ્લાન તૈયાર કરવા પર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત કમિટીએ ગિફ્ટ આઈએફએસસીમાં બુલિયનનાં સંગઠિત અને પારદર્શક ટ્રેડિંગ માટે ઈકોસિસ્ટમ સ્થાપિત કરવાના વિવિધ પાસાં પર ચર્ચા કરી હતી.

નાણાં મંત્રીએ કરેલી જાહેરાત મુજબ ગિફ્ટ આઈએફએસસીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ ગોલ્ડની વધારે સારી કિંમત સુનિશ્ચિત કરશે, જેથી આંતરરાષ્ટ્રીય બુલિયન બજારમાં ભારતની સ્થિતિ મજબૂત થશે અને આ ક્ષેત્રમાં રોજગારીની વધારે તકોનું સર્જન થશે.

ચાર વર્ષનાં ગાળામાં ગિફ્ટ આઈએફએસસીએ બેંકિંગ, વીમો, મૂડીબજારો અને ફિન-ટેક જેવી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓ માટે સ્પર્ધાત્મક વાતાવરણ તૈયાર કર્યું છે. આ બુલિયન એક્સચેન્જનાં ઉમેરા સાથે ઈકોસિસ્ટમ પૂર્ણ થશે અને બુલિયન કોમોડિટી બજારની કામગીરીનો પાયો વધારે મજબૂત થશે.

આ પ્રસંગે આઈબીજેએનાં નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ કહ્યું હતું કે, ''ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક કંપનીઓને એની પેટાકંપનીઓ માટે એક્સચેન્જમાં સહભાગી થવા માટેનાં દરવાજા ખોલશે. આ એક્સચેન્જ વિશ્વનું સૌથી મોટું બુલિયન એક્સચેન્જ બનવાની ક્ષમતા ધરાવે છે, કારણ કે એમાં સહભાગીઓ માટે કરવેરામાં આકર્ષક પ્રોત્સાહન આપવામાં આવ્યા છે. ભારતની સાથે દુનિયાનો બુલિયન ઉદ્યોગ આ એક્સચેન્જ પર કામગીરી ઔપચારિક રીતે શરૂ થવાની રાહ જોઈ રહ્યો છે. ગિફ્ટ સિટીમાં બુલિયન રિફાઈનરી, ટેસ્ટિંગ લેબોરેટરી અને એક્સચેન્જ જેવી તમામ માળખાગત સુવિધાઓ સાથે સરકારનું આ ઉત્કૃષ્ટ સ્ટેપ છે, જેનાથી સંપૂર્ણ ગોલ્ડ ઈકોસિસ્ટમ પારદર્શક બનશે. ગિફ્ટ સિટીમાં બેંકર્સ અને એનબીએફસી દ્વારા ગોલ્ડ સેવિંગ એકાઉન્ટ જેવી અન્ય ઘણાં નાણાકીય ઉત્પાદનો બેંકર્સ દ્વારા થઈ શકે છે, જેમાં નિયમનકાર સંસ્થા તરીકે આઈએફએસસી ઓથોરિટી હશે.''

# ડાકોર, દ્વારકા યાત્રાધામોમાં આજે ફુલડોલોત્સવ યોજાશે

અમદાવાદ,તા. ૯

સુપ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર રણછોડરાય મંદિરમાં આજે ફાગણ સુદ પૂર્ણિમા નિમિતે લાખો દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટયુ હતું. આજે ફાગણી પૂર્ણિમા પ્રસંગે વહેલી સવારે ૪-૦૦ કલાકે મંગળા આરતીમાં ડાકોરમાં લાખો ભાવિકભક્તોએ રણછોડરાયજીના દર્શન કરી તેમના હાજરાહજૂર હોવાનો સાક્ષાત્કાર કરીને ભારે ધન્યતાનો અનુભવ કર્યો હતો. હવે આવતીકાલે ધૂળેટીના તહેવારને લઈ ડાકોર મંદિરમાં સવારે ૯-૦૦ કલાકે શ્રી ગોપાલ લાલજી મહારાજ ફૂલદોલમાં બિરાજશે અને ભવ્ય ફુલદોલોત્સવની ઉજવણી કરવામાં આવશે. બીજી તરફ યાત્રાધામ અંબાજીમાં પણ હોળી ધુળેટીના પર્વ નિમિતે આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરાયા છે અને વૈષ્ણવ સંપ્રદાયની હવેલીઓમાં પણ ઠાકોરજીને વિશિષ્ટ શૃંગાર સાથે હોળી રસિયાના ગીતો ગવાશે અને આવતીકાલે કેસૂડાં વધાવવામાં આવશે. ફાગણી પૂનમ હોળીએ રણછોડરાયની મંગળાઆરતીના દર્શનનું મોટુ મહત્વ મનાય છે કારણ કે, મંગળાઆરતી દરમ્યાન રણછોડરાયજી સાક્ષાત હાજરાહજૂર મંદિરમાં હાજર હોવાની માન્યતા છે, જેને લઈ પૂનમનું શ્રધ્ધાળુ ભકતોમાં અનેરું મહાત્મ્ય છે. ડાકોરના રાજાધિરાજા શ્રી રણછોડરાયજી મહારાજ મંદિર આજે વહેલી સવારના ૩.૪૫ કલાકે નિજ મંદિર ખૂલ્યું હતું. એ પછી બરાબર ૪-૦૦ કલાકે મંગળા આરતી થઈ હતી. ડાકોર ખાતે ખાસ મંગળા આરતીના દર્શનનો લહાવો લેવા આવેલા લાખો શ્રધ્ધાળુઓ સવારે મંગળા આરતી શરૂ થઈ ત્યારે મંદિરના દરવાજા ખુલતાની સાથે ટોળે ટોળાં સ્વરૂપે મંદિરમાં દર્શન કરવા ઊમટી પડ્યાં હતાં. ભક્તોએ કાળિયા ઠાકોરનાં દર્શન કરવા રીતસરની પડાપડી કરી હતી. મંગળા આરતીના દર્શન કરી લાખો શ્રધ્ધાળુ ભકતો રણછોડરાયની ભકિતમાં ભાવવિભોર બન્યા હતા. આજે હોળીના તહેવારને લઈ મંદિરમાં રંગોની છોળો ઉડી હતી. મંગળા આરતી સમયે મંદિરના ઘુમ્મટમાં ભક્તોએ રંગોની છોળ ઉડાડી હતી. છેલ્લા ચાર દિવસથી કાળિયા ઠાકોરનાં દર્શન કરવા લાખો શ્રધ્ધાળુ ભક્તો ચાલતા અહીં ડાકોરના યાત્રાધામમાં પહોંચી રહ્યા છે.

રાજાધિરાજા શ્રી રણછોડરાયજી મહારાજ ટેરામાં બાલભોગ, શ્રૃંગારભોગ, ગોવાળભોગ આરોગવા બિરાજશે. આ સમય દરમિયાન દર્શન બંધ રખાયા હતા. હવે આવતીકાલે મંદિરમાં ફૂલ દોલોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેની પણ ખાસ તૈયારીઓ મંદિરમાં કરવામાં આવી છે. આવતીકાલે ધૂળેટીએ રણછોડરાય મંદિરમાં સવારે ૯-૦૦થી બપોરે ૧-૦૦ દરમ્યાન ભવ્ય ફુલ દોલોત્સવ ઉજવાશે.

# સોના-ચાંદીના વ્યવસાયમાં અમદાવાદ સ્થિત હેડવે બિજનેસ સોલ્યુસન્સ દ્વારા અપાયેલી વ્યવસાયીક સમજ

અમદાવાદની જ્વેલરી બીઝનેસ મેનેજમેન્ટ હેડવે કંપની દ્વારા વર્તમાનના સ્પર્ધાત્મક સમયમાં જ્વેલરી ઉદ્યોગક્ષેત્રે ટકી રહેવા માટે જે વિવિધ પડકારો ઉભા થાય છે તેમાં દેશમાં સૌના-ચાંદીના દંધો કરતાં જ્વેલર્સને તેમનો ધંધો વિકસાવવા મહત્વ પૂર્ણ જાણકી આપવા તથા આ તમામ પડકારોનો સામનો કરી સફળતા સુધીની સફરને સાકાર કરવા અમદાવાદમાં હેડવે કંપની દ્વારા તા. ૮મી માર્ચ ૨૦૨૦ના LLGM (લર્ન એન્ડ લીડ ગ્રોથ મીટિંગ) તથા LLDM (લર્ન એન્ડ લીડ ડિસ્કસ મીટિંગ) વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના મોટા ભાગના જ્વેલર્શ જોડાયા હતા. સી.એમ.ડી. પરેશ રાજપરાએ જણાવ્યુ હતુ કે ગુજરાત સહિત દેશભરમાં સોના-ચાંદીનો ધંધો ખુબજ ઝડપથી વિકસી રહ્યો છે. આ ક્ષેત્રમાં દેશમાં રહેલા અનેક નિષ્ણાત કારીગરોના કારણે ઉદ્યોગકારોને વિદેશી વસ્તુઓ અને કારીગરો ઉપર નિર્ભર રહેવુ પડતુ નથી, આ ઉદ્યોગ તથા વેપારમાં અનેક પડકારો છે જેને દૂર કરી જ્વેલર્સને તેમના ક્ષેત્રમાં વધુ ને વધુ ઝડપથી આગળ વધારવા તથા ધંધાનો વ્યાપ વધારવા માટે છેલ્લા ૧૨ વર્ષથી અમદાવાદ સ્થિત હેડ વે બીઝનેસ સોલ્યુસન કંપની સફળતાના માર્ગ પર કાર્યરત છે. ૧૨ વર્ષ પહેલા શરૂ કરાયેલ હેડવે કંપની આજે વટવૃક્ષ બની દેશના ૩૫૦થી વધુ જ્વેલર્સ સાથે કાર્યરત રહી તેમને તેમના ધંધાની સફળતાના લક્ષ્યો પૂરા કરવામાં સક્ષમ રહી છે.

### ગટરોનું દૂષિત પાણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ કામગીરી પાછળ અંદાજિત કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે. પરંતુ હાલ સેકટરોમાં ગટરોની ફરિયાદો દિનપ્રતિદિન સ્થાનિકો માટે શિરદર્દનુ કારણ બની રહી છે. સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પર ગટર લાઈનના ઢાંકણો બદલવા માટે તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેના અંતે ગટર લાઈનના તુટેલા ઢાંકણો બદલવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. પરંતુ હજુ સુધી ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. શહેરના સે-૨૯ માં સ્થિત પ્લોટ નં -૬૬૮ : ૧ સહીત આસપાસના ખાનગી મકાનોમાં ગટરનુ પાણી બેક મારે છે. આ ઉપરાંત જ કક્ષાના મકાનોમાં પણ ગટરનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો અસહ્ય ગંદકીથી ગુંગળાઈ રહ્યા છે. આ સેકટરમાં છેલ્લા ઘણાં સમયથી આ સ્થિતિ છે. સ્થાનિકોએ આ મામલે અનેકવાર ફરિયાદો કરી છે. છતા કોઈ પગલા લેવાતા નથી. જેના લીધે આ વિસ્તારમાં ગમે ત્યારે રોગચાળો ફેલાય તેવી દહેશત છે. ત્યારે ત્વરિત અસરથી આ વિસ્તારમાં ગટર લાઈનનુ સમારકામ હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

### ગૃપની રચના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવાના થતા પગલાંઓની જાણકારી પણ આપી દીધી છે. આ માટે સતર્ક રહેવાની જિલ્લાઓને તાકીદ કરતાં કહેવામાં આવ્યુ છે હોપ કોરોન્ટાઈસ માટે નિયમિત રીતે વિદેશથી આવી રહેલા યાત્રીઓની વિગતો જે મોકલવામાં આવે છે તેની તંત્રે ૨૪ કલાકમાં જ મુલાકાત કરવાની રહેશે.

જે કોઈ શંકાસ્પદ દર્દી મળે તો તેની જાણ તાત્કાલિક રાજ્યકક્ષાએ કરવી. એટલુ જ નહિ પોઝીટીવ દર્દીના કોન્ટેક્ટની વિગત મોકલવામાં આવે તો તેમને પણ હોમ કોરોન્ટાઈસ કરવાના રહેશે.

શંકાસ્પદ દર્દી હોસ્પિટલમાં દાખલ થાય તો દાખલ દર્દીનું સ્ટેટસ પણ દૈનિક ધોરણે રાજ્યકક્ષાએ આપવાનું રહેશે. શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટેવી આવે પછી ડિસ્ચાર્જ પોલીસી મુજબ સારવાર કરનાર તબીબની સલાહ બાદ દર્દીને રજા આપવાની રહેશે.

પ્રચાર-પ્રસાર પણ શું ન કરવુ તે માટે કરવાનો રહેશે એટલુ જ નહિ લોકોને જાગૃત કરવામાં આવે કે ગમે ત્યાં થુંકવું નહિ, અંગત સ્વચ્છતા, વારંવાર હાથ ધોવા જેવી બાબતો પર ખાસ ભાર મુકવામાં આવે.

આ ગૃપે ડિસ્ચાર્જ પોલીસીની માર્ગદર્શિકા તેમજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જે નવી ગાઈડલાઈન નિયત કરી છે તેની અમલવારી પુરી ચુસ્તતા સાથે કરવામાં આવે તેવી જિલ્લાઓને સૂચના આપી છે.

### મોનીટરીંગ કરો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાકક્ષાએ અને તાલુકા કક્ષાએથી આરોગ્ય વિષયક કામગીરીના સુપરવિઝન અને મોનીટરીંગની ખાસ જરૂરિયાત જણાય છે.

૨૧ જેટલી વિવિધ યોજનાઓમાં બજેટમાં કરાયેલ જોગવાઈની સામે ૨.૫૬ ટકાથી ૪૦ ટકા સુધીનો જ ખર્ચ કરવામાં આવેલ છે. સ્ટેટ મિશન ડાયરેક્ટરના આ આકરા પત્ર પછી જિલ્લા આરોગ્ય તંત્રે પણ એકદમ મૌન ધારણ કરી લીધેલ છે. જો કે યોજનાઓ અને કાર્યક્રમો એટલા બધા હોવાથી પુરતુ ધ્યાન નહિ અપાઈ શક્યુ હોય તેવો લૂલો બચાવ આડકતરી રીતે ખાનગીમાં સ્વીકાર કરતા જણાયા છે. જિલ્લાતંત્રમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો હવે કાગળ પર હોવાનું જ દેખાઈ રહ્યું છે.

### ફોર્મ ભરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોતાના રાજયસભાના ફોર્મ ભરશે તે નક્કી છે. બીજીબાજુ, બંને પક્ષોના હાઈકમાન્ડ દ્વારા ઉમેદવાર નક્કી કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. હોળાષ્ટક પછી બન્ને રાજકીય પક્ષો પોતાના ઉમેદવારો નક્કી કરીને છેલ્લા દિવસે જ ફોર્મ ભરાવશે તેવી ગણતરી હોઈ ઉમેદવારોને લઈ લોબીંગ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. રાજયસભાની ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયામાં પણ કેટલીક મહત્વની બાબતો છે જેના કારણે ગમે તે વ્યક્તિ આ ફોર્મ ભરી શકતી નથી. પ્રથમ ઉંમર ૩૦ વર્ષની મર્યાદા તેમજ ફોર્મમાં રાજય વિધાનસભાના ઓછામાં ઓછા દસ સભ્યોની સંમતિ દર્શાવ્યું સહીવાળું ફોર્મ ભરવાનું રહે છે. રાજ્ય સભામાં કુલ ૨૫૦ સભ્યોનું સંખ્યાબળ છે જેમાંથી ૧૨ સભ્યોની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક કરવામાં આવે છે. બાકીના સભ્યો રાજ્ય વિધાનમંડળ અને કેન્દ્ર શાસિત પ્રદેશના ચૂંટાયેલા સભ્યો કરે છે. રાજયસભાનું ક્યારેય વિસર્જન થતું નથી તેના એક તૃતિયાંશ સભ્યો દર બે વર્ષ ચૂંટાય છે આ ચૂંટાયેલા સભ્યોની મુદત છ વર્ષની નક્કી કરવામાં આવી છે. રાજયસભાએ ભારતના ઉપલા સદન તરીકે ઓળખવામાં આવે છે. આ માટેની ચૂંટણી પ્રક્રિયા ચૂંટણીપંચ મારફતે રાજ્યોની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે. આ ચારેય બેઠકોની ચૂંટણી પ્રક્રિયા ૩૦ માર્ચ ૨૦૨૦ના પૂર્ણ કરવાના આદેશ કરવામાં આવ્યા છે. આ માટે બન્ને રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા જોરશોરમાં ચાલી રહી છે. ભાજપમાંથી ચારેય બેઠકો પર ઉમેદવારો ઊભા કરવામાં આવે અને સામે કોંગ્રેસ તે રીતે કરે તો ચૂંટણી નિશ્ચિત છે. પરંતુ બન્ને વચ્ચે સમજુતી કરીને બે-બે બેઠકોની ફાળવણી થઈ જાય તો બિનહરીફ થઈ શકે છે. હાલના ગણિત પ્રમાણે ભાજપને એક બેઠકનું નુકસાન છે એટલે ભાજપ-૨ અને કોંગ્રેસ-૨ બેઠકો રહે તેવું ચિત્ર બને છે. જો કે, ભાજપ તડજોડની ફૂટનીતિ અને વ્યૂહરચના દ્વારા ગમે તે ભોગે રાજયસભાની ત્રણ બેઠકો કબ્જે કરવામાં જોતરાઈ છે તો, કોંગ્રેસ તેના ધારાસભ્યોને બચાવવા માટે ડિફેન્સ પોલિસી અપનાવી ભાજપની વ્યૂહરચનાને મ્હાત આપવામાં લાગી છે.

### બુરા ના માનો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડી ગયો છુ ત્યારે તેમની સ્થિતિ તથા તેમના આત્મવિશ્વાસને જોઈને કાલિયા ફિલ્મનો અમિતાભનો સંવાદ યાદ આવે છે કે ''ચુનવા દીજીયે જમીન સે લેકર આસમાન તક લોહે કી દિવારે પહના દીજીયે સર સે પાંવ તક ઝંઝીરે, કાલિયા હર દિવાર ફાંદ કે દિખા દેખા, હર ઝંઝીર તોડ કે દિખા દેગા.

- વિપક્ષ નેતા પરેશ ધાનાણી વિધાનસભામાં જે રીતે રજુઆતો કરે છે અને મિડીયા સમક્ષ પણ જ્યારે સરકારની ટીકા કરે છે ત્યારે એવી લાગણી વ્યક્ત થાય છે કે ''મે બોલતા રહા, ચિલ્લાતા રહા પર કીસીને મેરી એક નહી સુની.''
- ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાની તો હાલત ''અંગ્રેજો કે જમાને કે જેલર'' જેવી હાલત છે, તેઓ જાણે એમ કહેતા હોય તેવુ લાગે કે ''આધે ઈધર જાઓ, આધે ઉધર જાઓ, બાકી કે મેરે પીછે આઓ.''
- ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી હવે રિપીટ થશે કે કેમ તે અંગે શંકા-કુશંકા પ્રવર્તી રહી છે ત્યારે તેમને જોઈને યાદ આવે છે કે ''કોન અપના હૈ, કૌન બેગાના હૈ, યે જમાને મેં કીસને જાના હૈ.
- વિધાનસભા અધ્યક્ષના ચાલુ સત્રમાં તેવર જોઈને સભા પક્ષ પણ ચિંતિત છે ત્યારે સીંઘમનો પેલો મશહુર ડાયલોગ યાદ આવ્યા વગર રહેતો નથી ''કુછ ભી કરને કા પર જયકાંત શિકરે કા ઈગો હર્ટ નહી કરને કા''
- છેલ્લે ગાંધીનગરની વાત કરીએ તો મેયર રીટાબેન પટેલે જે રીતે ઝડપથી રાજનીતિ શિખી લીધી છે અને તેમના જે તેવર દેખાડી રહ્યાં છે તે જોઈને તો પેલુ જુના જમાનાનું મશહુર ગીત યાદ આવ્યાં વિના રહેતુ નથી.

''આજકલ પાંવ જમીં પર નહી પડતે મેરે..!!!

ચાલો, આ હળવી મજાકને કોઈએ ગંભીરતાથી લેવી નહી કેમકે બુરા ના માનો હૌલી હૈ, સૌને હેપ્પી હોલી, હેપ્પી ધુળેટી.

### બ્લેક મન્ડે... ● પહેલા પાનાનું ચાલુ

આસપાસનો ઘટાડો રહેતા તેના શેરની કિંમત બાવન સપ્તાહની નીચી સપાટી ઉપર પહોંચી હતી. રિલાયન્સમાં થયેલા આ ઘટાડાના લીધે ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. અન્ય જે શેરમાં આજે ભારે વેચવાલી રહી હતી તેમાં આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી, ટીસીએસ, ઈન્ફોસીસ અને એચડીએફસી બેંકના શેરમાં રેકોર્ડ ઘટાડો થયો હતો. બેંચમાર્ક ઈન્ડેક્સ સેંસેક્સ અને નિફ્ટી બંને એક દિવસમાં છ ટકાથી વધુ ઈન્ટ્રા ડે દરમિયાન ઘટી ગયા હતા. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૫૩૮ પોઈન્ટ ઘટીને ૧૦૪૫૧ની સપાટીએ રહ્યો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં આજે મંદી રહી હતી. મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો થયો હતો. મેટલ ઈન્ડેક્સ આઠ ટકાથી વધુ ઘટી જતાં તેની સપાટી ૨૦૧૫ રહી હતી. નિફ્ટી મિડિયા ઈન્ડેક્સમાં ૧૪૨૫ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧૩૩૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૬૭૩ પોઈન્ટનો ઘટાડો એક દિવસમાં રહ્યો હતો જેથી તેની સપાટી ૧૩૫૫૪ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો હતો જેથી તેની સપાટી ૧૨૭૭૧ રહી હતી. વૈશ્વિક શેરબજારમાં પણ સોમવારના દિવસે ભારે અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. બ્લેક મન્ડેની સ્થિતિ વચ્ચે અફડાતફડીને લઈને કારોબારીઓમાં હતાશા ફેલાઈ ગઈ હતી. કોરોના વાયરસનો આતંક દિનપ્રતિદિન વધી રહ્યો છે તેની અસર પણ જોવા મળી હતી. સેંસેક્સ શુક્રવારના દિવસે ૮૯૪ પોઈન્ટ ઘટીને ૩૭૫૭૭ની નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક શેરબજારોમાં પણ આજે અફડાતફડી રહી હતી.

### ન્યૂયોર્કમાં ઇમરજન્સી... ● પહેલા પાનાનું ચાલુ

નિયંત્રણો લાગુ કરી દેવામાં આવ્યા છે. અમેરિકાના ચાર રાજ્યોમાં પહેલાથી જ ઈમરજન્સીની જાહેરાત કરી દેવામાં આવી છે. હાલમાં દક્ષિણ કોરિયા, ઈટાલી અને ઈરાનમાં કેસોની સંખ્યા ક્રમશ ૭૩૮૨, ૭૩૭૫ અને ૬૫૬૬ સુધી પહોચી ગઈ છે. ઈરાન અને ઈટાલી તેમજ કોરિયા પણ સૌથી વધારે પ્રભાવિત દેશો પૈકી એક છે. અમેરિકાએ ૧૫ પ્રાંતોમાં કોરોનાના આતંક બાદ તેની સામે લડવા માટે ૮.૩ અબજ ડોલર અથવા તો ૬૧૩૮૪ કરોડ રૂપિયા ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. પ્રતિનિધીસભામાં બિલ પસાર કરી દેવામાં આવ્યા બાદ અમરિકી સેનેટમાં પણ બંને પક્ષોએ આને પાસ કરી દેવાની તૈયારી દર્શાવી હતી. ચીન બાદ ઈટાલીમાં વાયરસથી સૌથી વધારે લોકોના મોત થયા છે. કોરોના વાયરસના કારણે આશરે ૧.૫ કરોડ લોકોની અવરવર પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. ઈટાલીમાં સિનેમાહોલ, થિયેટરોને બંધ કરી દેવામાં આવ્યા છે. અમેરિકામાં પણ આવી જ સ્થિતી બની રહી છે. હાલમાં તમામ દેશોમાં કોરોનાનો ભય પ્રવર્તી રહ્યો છે. જનજીવન પર માઠી અસર થઈ રહી છે.

### દાવપેચ જારી... ● પહેલા પાનાનું ચાલુ

આવ્યુ છે કે તેમને કાવતરાના શિકાર બનાવી દેવામાં આવ્યા છે. તેમને કહેવામાં આવ્યુ નથી કે લિમિટેશન એક્ટ હેઠળ ક્યુરેટિવ પિટીશન દાખલ કરવા માટે ત્રણ વર્ષનો સમય હોય છે. આ રીતે જોવામાં આવે તો તેમને મૌલિક અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. આ જ કારણસર રિટ દાખલ કરવામાં આવી છે. એપી સિંહે માહિતી આપતા કહ્યું છે કે, અક્ષય તરફથી પણ અરજી દાખલ કરવામાં આવશે. અક્ષયની પ્રથમ દયાની અરજી અધુરી હતી. બીજી વખત દયાની અરજી દાખલ કરી હતી જે પેન્ડિંગ હતી. દયાની અરજી દાખલ કરવામાં આવ્યા બાદ આ બાબત ખુલી હતી કે, દયાની અરજી પેન્ડિંગ હોવા છતાં પાંચમી માર્ચના દિવસે ડેથ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. સિંહે કહ્યું છે કે, પવનની દયા અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ ૨૪ કલાકની અંદર ફાંસીની તારીખ નક્કી કરવામાં આવી હતી તેને તક આપવામાં આવી ન હતી. આ તમામ પ્રશ્નોને ઉપરની કોર્ટમાં ઉઠાવવામાં આવશે અને ફાંસીની તારીખ ટાળવાની રજૂઆત કરવામાં આવશે.